

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ડીસા બનાસ નદીના પુલ પર ચાર વાહનો વચ્ચે અકસ્માત

ડીસા, તા. ૭

ડીસા નજીક આવેલ બનાસ નદીના પુલ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી માર્શલ ગાડીના ચાલકે આગળ જતી કારને ટક્કર મારતા ચાર વાહનો વચ્ચે અકસ્માત થવા પામ્યો હતો. આથી ભારે નુકસાન થવા પામ્યું હતું.

ડીસા નજીક આવેલ બનાસ નદીના પુલ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહેલ માર્શલ જીપ જીજે-૫-સીડી-૫૭૨૧ના ચાલકે બાઈક નં. જીજે-૯-યુ-૫૦૫૦ને ટક્કર મારી હતી. બાદમાં આગળ જતી ઈન્ડીંગો કાર નં. જીજે-૮-એફ-૬૨૫૨ને ધડાકા સાથે ટક્કર મારતા ઈન્ડીકો ગાડી આગળ જતી ટ્રકમાં ઘુસી ગઈ હતી. આ ગાડીને આગળ અને પાછળના ભાગે મોટુ નુકશાન થયું હતું. જ્યારે ડ્રાઈવર માલાભાઈ લીલાભાઈ રબારી ઉં.વ. ૩૭, માહીબેન મોહનભાઈ પ્રજાપતિ, ઈશ્વરભાઈ પ્રજાપતિ, માંગીલાલ પ્રજાપતિ તેમજ સંધ્યા મોહનભાઈ પ્રજાપતિ તમામ રહે. પાવલી ભીનમાલ રાજસ્થાનને નાની મોટી ઈજાઓ થતા સારવાર અર્થે ૧૦૮ મારફતે ડીસા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને કારણે હાઈવે પર કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ અંગે માર્શલ જીપના ચાલક સામે ફરિયાદ નોંધાવવાની પોલીસે તજવીજ હાથ ધરી હતી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# પાલનપુરમાં ઉનાળા વેકેશનનો પ્રારંભ થતાં રેલવે મુસાફરોમાં ૨૦ ટકા જેટલો વધારો

## આઠ નવી ટ્રેન શરૂ કરવા છતાં મુસાફરોનો ઘસારો યથાવત

પાલનપુર રેલ્વે સ્ટેસન પર હાલ માં ઉનાળા ના વેકેસન નો પારંભ થવાની સાથે રેલ્વે પ્લેટ ફોર્મ મુસાફરો થી ઉભરાઈ ગયું છે જો કે રેલ્વે વિભાગ દ્વરા મુસાફરો નું દર વર્ષે વધતો જતો ઘસારા ને લઈ ને આઠ નવી ટ્રેન ઉનાળા ના વેકેસન માટે સ્પેશિયલ રેલ્વે વિભાગ દ્વરા નવી આઠ ટ્રેન શરૂ કરવામાં આવી છે છતો હજુ મુસાફરો ના ઘસારો યથાવત છે જો કે ઉનાળા માં વેકેસન માં રેલ્વે મુસાફરો માં ૨૦ ટકા જેટલો વધારો જોવા મળી રહયો છે હાલમાં પાલનપુર ના રેલ્વે સ્ટેસન પર સવાર અને સાંજ બંને ટાઈમ મુસાફરો ની ભીડ જોવા મળી રહી છે કોઈ માદરે વતન તો કોઈ ગરમી માં વેકેસન માણવા જઈ માટે રેલ્વે મુસાફરી કરી આનંદ માણી રહયા છે પાલનપુર ના રેલ્વે સ્ટેશન પર ફરજ બજાવતા રેલ્વે -બંધક એસ. કે સિંઘ, માહિતી આપતા જણાવ્યું હતું કે આઠ નવી ટ્રેન શરુ કરવા છતાં પાલનપુર રેલ્વે મુસાફરો નો ઘસારો જોવા મળી રહયો છે (૧) જોધપુર -મુંબુઈ (૨) વલસાડ -બિકાનેર (૩) અમદાવાદ -ભીવાની (૪) ભીવાની - અમદાવાદ (૫) જમ્મુ તવી -અમદાવાદ (૬) જમ્મુ તવી - અમદાવાદ (૭) અમદાવાદ -દિલ્હી (૮) દિલ્હી -અમદાવાદ ટ્રેન શરુ કરવા છતો હાલમાં ટ્રેન મુસાફરો થી ખીચો -ખીચ ભરેલી જોવા મળી રહી છે.

# વણાગલા ગામની સગીરા એક માસથી ગુમ પોલીસે ગુમ થવાની ફરિયાદ નોંધી તપાસ કરી તેમ છતાં હાથ ખાલી

ઊંઝા, તા. ૭

ઊંઝા નજીકના વણગલા ગામે રહેતા એક ખેત મજૂરની સગીરવયની દિકરી એક માસ પૂર્વ ગુમ થતાં જાણવાજોગ નોંધ બાદ પાછળથી તેણીના અપહરણની ફરિયાદ નોંધાયેલ છે.

વિગત એવી છે કે મૂળ બનાસકાંઠા જિલ્લાના વતની સોમાજી પ્રભાજી ઠાકોર ઊંઝા નજીકના વણાગલા ગામે રહીને ખેત મજૂરીનું કામ કરે છે.

આ ખેતમજૂરની સગીરવયની દિકરી એક માસ પૂર્વે ગુમ થઈ હતી. ત્યારે એક શખ્સ સગીરાને ક્યાંક ભગાડી ગયો હોવાની જાણવા જોગ નોંધ કરીને તપાસ આરંભી હતી. ત્યારબાદ એક મહિના બાદ પોલીસે આરોપી ટીનાજી ઉર્ફે રણજીતજી મૂળ રહે. શિહોરી જી. બનાસકાંઠા વિરૂદ્ધ અપહરણનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



પાલનપુરમાં જ્યાં નજર કરો ત્યાં કચરાપેટીઓ નજીક ગાયો તેમા ઘુસી તેનો ખોરાક શોધીને પેટ ભરે છે આ છે નરી વાસ્તવિકતા. હિન્દુ સનાતન ધર્મમાં ગાયને માતા કહી છે તેમાં ૩૩ કરોડ દેવી દેવતાઓનો વાસ છે. જ્યારે તેજ ગાયને તેના પેટની ભુખ સંતોષવા દુર્ગંધ મારતા ઉકરડામાં ખોરાક શોધવો પડે છે. સમાજ માટે કેટલી નિર્લિજ્જતા સાબીત કરે છે. શહેરની ભાજપ શાસીત નગરપાલિકાના પ્રમુખ સહિત અધિકારીઓ સફાઈ માટેના પોસ્ટરો મારી કામગીરી કર્યાનો આત્મસંતોષ માની ખુશ થાય છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પ્રાંતિજના બજારોમાં ગ્રાહકોના ઘસારાથી ટ્રાફિક ચક્કાજામ

પ્રાંતિજ, તા. ૭

કાળઝાળ ગરમીની સાથે પ્રાંતિજ શહેરમાં લગ્નની મોસમ પણ પુરબહારમાં ખીલી છે. આથી પ્રાંતિજ શહેરમાં આવેલ બજારોમાં ખરીદી માટે ગ્રાહકોની ભીડ ઉમડતા ઠેર ઠેર રોજ ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. પરિણામે સ્થાનિકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર બાદ પ્રાંતિજ શહેરમાં લોકોની ભારે અવર-જવર રહે છે. પ્રાંતિજ શહેરની આસપાસ અસંખ્ય ગામડાઓ આવેલા છે. અને ત્યાં લોકોના ખરીદ વેચાણનુ મોટુ કેન્દ્ર પ્રાંતિજ હોવાથી અહીં હાલ મોટી સંખ્યામાં ગ્રાહકો લગ્નની સીઝનની અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવા ઉમટી રહ્યા છે. પ્રાંતિજના બજારોમાં ઠેર ઠેર દુકાનોની આગળ વેપારીઓએ દબાણો કરી દીધા છે. જ્યારે પાથરણા વાળાઓએ રસ્તાઓ પર ડેરા જમાવી દીધા છે. ઉપરાંત બજારમાં આવતા ગ્રાહકોના વાહનોના લીધે પણ હાલ પ્રાંતિજના બજારોમાં ભારે ચક્કાજામની સ્થિતિ પેદા થવા પામી છે. આથી રાહદારીઓ અને વાહન ચાલકોને પસાર થવું મુશ્કેલ બન્યું છે. તો બીજી તરફ સ્થાનિક ટ્રાફિક પોલીસતંત્ર ટ્રાફિક નિયંત્રણ કરવા નિષ્ફળ નિવડ્યું છે. ત્યારે જિલ્લા ટ્રાફિક પોલીસતંત્ર સત્વરે બજારોમાં વધતી જતી ટ્રાફઈકની સમસ્યાને દૂર કરે તેવી સ્થાનિક રહિશોની માંગ છે.

# ઊંઝામાં અસહ્ય ગરમીને પગલે જનજીવન પર અસર

ઊંઝા, તા. ૭

ઊંઝા તાલુકામાં ઉનાળાની ઋતુને પગલે અસહ્ય ગરમીથી જનજીવન પર ઘેરી અસર પડી છે. આ સાથે તાલુકામાં કેટલીક જગ્યાએ માનવી અને પશુઓ માટે પીવાના પાણી અને ઘાસચારાની વિકટ સમસ્યા પેદા થતાં લોકો મુશ્કેલી વેઠી રહ્યા છે. તાલુકાના કેટલાક ગામોમાં પીવાનું પાણી અનિયમિત અને અપૂરતુ મળતુ હોવાની બૂમરાણ ઉઠી છે. ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગના તળાવોના પાણી સુકાઈ ગયેલ છે. જેથી પશુ-પંખીઓ પીવાના પાણી માટે ફાંફાં મારવા પડે છે. વધુમાં પશુઓ માટે ઘાસચારાની પણ તંગી ઉભી થતા ખેડૂતો મુંઝવણમાં મુકાયા છે. આ વિસ્તારમાં મુખ્યત્વે ટ્યુબવેલ આધારિત ખેતરોમાં પિયત થાય છે. પરંતુ ટ્યુબવેલોમાં પાણીના તળ ઊંડા જતાં તેની સીધી અસર ઉનાળુ ખેતી ઉપર પડી છે.

તાલુકામાં ખેત તલાવડી, બોરીબંધ, ચેકડેમ બનાવાયા હતા તે પૈકી મોટાભાગનાનું નામોનિશાન મટી ગયેલ છે. આ વર્ષે પાણીના અભાવે પશુઓ માટે ઘાસચારાનું જે વાવેતર થવુ જોઈએ તે ઓછુ થયેલ છે. પરિણામે ખેડૂતો પાસે ઘાસચારાનો પુરવઠો ખુટવા માંડ્યો છે. જેના કારણે પુરતો ઘાસચારો ઉપલબ્ધ ન થતા તેની સીધી અસર ઉનાળામાં વર્તાઈ રહી છે.

પશુ પાલકો પોતાના ઢોર-ઢાંખરને જીવાડવા માટે જ્યાં-ત્યાંથી ઉંચી કિંમતે ઘાસચારો મેળવી રહ્યા છે. હાલ ઘાસચારાની તીવ્ર તંગી જોતા આગામી દિવસોમાં શુ સ્થિતિ સર્જાશે તેની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. ઉનાળાની ઋતુમાં પાતાળકુવાઓના પાણી ઊંડા ઉતર્યા છે. નહેરો થકી સિંચાઈ માટેની ખાસ કોઈ સવલત નથી જેથી દુષ્કાળ ડોકીયા કરી રહ્યો હોઈ પશુધનને બચાવવા માટે ઘાસચારાની સત્વરે વ્યવસ્થા કરવી જરૂરી બન્યું છે.

# ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં ભીષણ આગ


ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં આજે સમી સાંજે અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી. જેના કારણે એરંડા અને રૂ નો મોટો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. પરિણામે ૧ લાખ રૂપિયાનુ નુકશાન થવાની સંભાવના છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરના માર્કેટયાર્ડમાં હાલ એરંડા અને રૂ (કપાસ)ની મોટી આવક નોંધાઈ છે. આજે સમી સાંજે ૭.૨૦ કલાકે અચાનક માર્કેટ યાર્ડમાં આગ ભભૂકી ઉઠી હતી. આથી ભારે અફડાતફડી ઉઠી હતી. આથી ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ રૂ ના ઢગલામાં લાગતા ક્ષણવારમાં જ આગની જ્વાળાઓ ખતરનાક બની હતી. આથી પાસે પડેલા અંદાજે ૧૦૦ મળ રૂનો ઢગલો બળીને ખાખ થઈ ગયો હતો. જ્યારે નજીકમાં પડેલ ૫૦ મણ એરંડા પણ આગની લપેટમાં આવતા બળી ગયા હતા. આગની ખરબ પડતા જ નગરપાલિકાની ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. અંદાજે વેપારીને ૧ લાખ રૂપિયાનું નુકશાન થયું હોવાનુ માલુમ પડ્યું છે. જો કે આ આગને લીધે કોઈ જાનહાની થવા પામી નથી.

# ભિલોડામાં ૪૨ ડિગ્રી ગરમીથી પ્રજાજનો પરસેવાથી રેબઝેબ

## ઉનાળાની ઋતુ દરમ્યાન આકરા અસહ્ય તાપમાનના આક્રમણ વચ્ચે અગનજ્વાળાઓમાં પ્રજાજનો શેકાયા : જળાશયોના તળીયા દેખાયા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ : હેન્ડ પંપો શોભાના ગાંઠીયા સમાન બનતાં મહિલાઓ હેરાન-પરેશાન



ભિલોડા,તા.૭

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઉનાળાની ઋતુ દરમ્યાન આકરા અસહ્ય તાપમાનના આક્રમણ વચ્ચે અગનજ્વાળાઓમાં પ્રજાજનો રીતસરના શેકાઈ રહ્યા છે. ભિલોડામાં ૪૨ ડિગ્રી ગરમીથી પ્રજાજનો પરસેવાથી રેબઝેબ બન્યા છે. જળાશયો, કુવાના તળીયા દેખાયા અમુક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ હોવાનું જાણવા મળેલ છે. અમુક ગ્રામ્ય વિસ્તારોમાં હેન્ડ પંપો શોભાના ગાંઠીયા સમાન હોવાના કારણે ગ્રામિણ વિસ્તારની મહિલાઓ હેરાન-પરેશાન હોવાનું જાણવા મળેલ છે. ભિલોડામાં ૪૨ ડિગ્રી સુધી ગરમીનો પારો પહોંચી ગયો છે. દેહ દઝાડતી અસહ્ય કાળઝાળ ગરમીથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પ્રજાજનો અસહ્ય ગરમીના કારણે પરસેવાથી રેબઝેબ થઈ જતા હોય છે. સીમવિસ્તારોમાં સીમાડાઓ સુમસામ ભાસતા હોય છે. ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીના પગલે ભિલોડાના હાર્દસમા માર્ગો ઉપર જાણે કે કરફ્યું જેવો માહોલ જોવા મળતો હોય છે. એક તરફ લગ્નસરાની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે ભિલોડાના બજારોમાં ધુમ ઘરાકી જોવા મળતી હોય છે. વેપારીઓને તો જાણે કે ઘી-કેળાં થઈ ગયા હોય તેમ લોકમુખે જાણવા મળેલ છે. મંગળવારના રોજ સમી સાંજે વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ સામાન્યપણે પવન ફુકાતાં ધુળની ડમરીઓ ઉડતા કમોસમી વરસાદના એંધાણ વર્તાતા હતા ત્યારે ખેડુતો જીવ તાળવે ચોટી ગયા હતા. કમોસમી વરસાદ આવે તો ખેડુતોને મોટાપાયે નુકશાન થાય તેમ જાણવા મળેલ છે.આજે બુધવારના રોજ ગરમીનો પારો એકા-એક વધતાં પ્રજાજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં આવેલા જળાશયો, કુવા, રીંગબોરમાં પાણીનો જથ્થો ઓછો થયેલ હોવાના કારણે આગામી દિવસોમાં પાણીની તીવ્ર તંગી વર્તાશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે. વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા આગોતરૂ આયોજનબધ્ધ કાર્યવાહી કરવી અત્યંત જરૂરી છે. જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ સુજલામ્ સુફલામ્ યોજના,નર્મદાના નીર આપવાની મોટી-મોટી ગુલબાંગો પોકળ પુરવાર થઈ રહી હોય તેમ જાણવા મળેલ છે. જળાશયોમાં પાણી ભરવામાં આ બધી યોજનાઓ કામમાં આવતી નથી.ભિલોડા તાલુકાના અમુક ગ્રામ્ય વિસ્તારોમાં શુધ્ધ પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. આગામી દિવસોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આ વર્ષે ચોમાસુ બાર આની રહેવાની શક્યતા હોવાના કારણે જળ સંકટની ગંભીર સમસ્યા સર્જાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# હવે જમાલપુરમાંથી પોલીસે ૪૦૦ કિલો ગૌમાંસ ઝડપ્યુ

અમદાવાદ, તા.૦૭

અમદાવાદ શહેરમાંથી વધુ એક વખત ગૌમાંસ મળી આવવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ગાયકવાડ હવેલી પોલીસે જમાલપુર વિસ્તારમાંથી ૪૦૦ કિલો ગૌમાંસનો જથ્થો ઝડપી પાડ્યો છે. જો કે આ મામલાના આરોપીઓ પોલીસને હાથ તાળી આપીને નાસી છુટ્યા છે. શહેરમાંથી અવારનવાર રોષની લાગણી જોવા મળી રહી છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનને નાઈટ પેટ્રોલીંગ દરમિયાન રાત્રે ૨:૩૦ વાગ્યાની આસપાસ મેસેજ મળ્યો હતો કે જમાલપુરમાં આવેલા મોચીઓળ કડિયાવાળા ખાંચામાં બીબીઆપાના મકાનમાં ગૌવંશ કતલ થાય છે. ઘટના સ્થળે તપાસ હાથ ધરતાં બીબીઆપાના મકાન પાસે ખુલ્લી જગ્યામાં માંસના ટુકડા પડેલા હતા. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બીબીઆપાના ઘરે લગ્ન પ્રસંગ હોવાથી તેઓએ બળદ લાવી તેનું કતલ કરેલ છે.

જો કે આ મામલાના તમામ આરોપીઓ પોલીસને હાથ તાળી આપીને નાસી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે આ અંગે આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેમને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારની નબળી નીતિના પગલે કસાઈઓ ખુલ્લેઆમ ગૌવંશોની હત્યા કરી રહ્યા છે.

# પાલનપુરમાં અસહ્ય ગરમી વચ્ચે અખાધ્ય ઠંડા પીણાનું ધૂમ વેચાણ

પાલનપુર, તા. ૭

હાલમાં સવારથી સાંજ સુધી ઉનાળામાં કાળઝાળ ગરમી વચ્ચે જનજીવન વ્યસ્ત બન્યું છે. ત્યારે ગરમીથી બચવા શહેરીજનો ઠંડા પીણા-શેરડી રસ કેરી રસ જે ખુલ્લા બજારમાં ભેળસેળયુક્ત અને સાફ સફાઈ વગર વેચાય છે અને પીવાય છે.

પાલનપુર શહેરમાં પણ અસંખ્ય અખાદ્ય ઠંડા પીણા બજારમાં ધૂમ વેચાય છે અને લોકો પી ઠંડક છીપાવે છે. જેની અનેક બિમારીઓ થવાની ભીતી સેવાઈ રહી છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર અને ખોરાક ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ કટકીની લ્હાયમાં મુક પ્રેક્ષક બની તમાસો જોઈ રહ્યા છે. ત્યારે તંત્રના અધિકારી સત્વરે આળશ ખંખેરી સત્વરે યોગ્ય કાર્યવાહી કરે તેવી પ્રજામાં માંગ ઉઠી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન